# ગુજરાત વિધાનસભા

-----------

## પંદરમી વિધાનસભા

## ત્રીજું સત્ર

-----------

## દિવસના કામકાજની યાદી

૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૩

બપોરના ૧૨-૦૦ વાગ્યે

૧. **<u>પ્રશ્નોત્તરી</u>**

(૧) <u>તારાંકિત પ્રશ્નોત્તરી</u>

(૧)માનનીય કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી

(૨)માનનીય ઉદ્યોગ, લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર મંત્રીશ્રી

(૩)માનનીય આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી

(૪)માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા, મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી

૨. **<u>વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો</u>**

(૧)
ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**<u>..... માનનીય ઊર્જા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ</u>**

૩. **<u>વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત</u>**

(૧)
સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પહેલા અહેવાલની રજૂઆત

**<u>........સમિતિના માનનીય પ્રમુખશ્રી મહેશ કસવાલા/સભ્યશ્રી</u>**

૪. **<u>સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના માનનીય પ્રમુખશ્રી મહેશ કસવાલા/સભ્યશ્રીનો પ્રસ્તાવ</u>**

(૧) "આ સભાગૃહ, સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પહેલા અહેવાલ સાથે સંમત થાય."

૫. **<u>માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરીયાનો સંકલ્પ (નિયમ-૧૨૦) (૯૦ મિનિટ)</u>**

(૧)

દેશના યશસ્વી વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘ દૃષ્ટિ, સતત પ્રેરણા અને નેતૃત્વના પરિણામ સ્વરૂપ અને ભારતીય અવકાશ સંશોધન કેન્દ્ર (*ISRO*)ના વૈજ્ઞાનિકોના અથાગ પ્રયાસોથી દુનિયાના ઈતિહાસમાં સૌ પ્રથમવાર ચંદ્રયાન મિશન અંતર્ગત ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર "ચંદ્રયાન-૩" નું સફળ ઉતરાણ થયું છે. જે ઘટના સમગ્ર દેશ માટે રાષ્ટ્રીય ગૌરવ છે. તેમજ સૂર્યમિશન અંતર્ગત સૂર્યની વિવિધ ગતિવિધિઓના સંશોધન અર્થે "આદિત્ય એલ-૧" ને સફળતાપૂર્વક અવકાશમાં મોકલવા બદલ આ સભાગૃહ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ આવા સાહસપૂર્ણ ભગીરથ કાર્ય સાથે સંકળાયેલા ઈસરોના વૈજ્ઞાનિકોને અને અન્ય તમામ ટેકનિકલ તજજ્ઞોને હાર્દિક અભિનંદન પાઠવે છે.

૬. **<u>સરકારી વિધેયકો</u>**

(૧)

સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૨૩નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ (સુધારા) વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

.......**<u>શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ</u>**

(૨)

સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૨૩નું બાળ વિશ્વવિદ્યાલય (સુધારા) વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**<u>..... માનનીય રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરિયા</u>**

**વિધાનસભા ગૃહ**
**ગાંધીનગર**
**તારીખ:૧૪ સપ્ટેમ્બર ૨૦૨૩**

**ડી. એમ. પટેલ**
**સચિવ**
**ગુજરાત વિધાનસભા**